**નેત્રંગના મે.જ્યુડીશીચલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં. મુ.નેત્રંગ,તા.નેત્રંગ,જી.ભરૂચ.**

**<u>ક્રિમીનલ કેસ નંબર:૧૦૩૨/ ૨૦૨૨</u>**

ફરિયાદી:- ધી સ્ટેટ ઓફ ગુજરાત

**<u>:: વિરુધ્ધ ::</u>**

આરોપી:- હસમુખભાઈ રામુભાઈ વસાવા.

રહે:કાટીપાડા,ભગત ફળીયું,તા.નેત્રંગ,જી.ભરૂચ.

**<u>આરોપ:- ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ મુજબ</u>**

(૧) આજ રોજ નામદાર નેશનલ લીગલ સવિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળના જાવક નંબર: GSLSA/2812/2022 તા.૨૯/૦૯/૨૦૨૨ ના આદેશ અને સુચન મુજબ તથા નામદાર ડિસ્ટ્રીકટ લીગલ સર્વીસ ઓથોરીટીના આદેશ અને સુચન મુજબ તથા નામદાર ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ અદાલત ભરૂચના સુચન અને હુકમ મુજબ આજરોજ સદર કામ નેશનલ લોક અદાલતના સ્પેશીચલ સીટીગમાં રાખેલ છે.

(૨) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામનાં આરોપી સામે નેત્રંગ પોલીસ સ્ટેશન માં ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એ.એ મુજબનો ગુનો નો આક્ષેપ છે.આમ સદર ગુનાનાં કામે ચાર્જશીટ વંચાણે લેતાં આરોપી પાસેથી ૨૦ લીટરથી ઓછો જથ્થો મળી આવેલ છે.ગુજરાત સરકારશ્રી દ્વારા તા:૦૨-૦૭-૨૦૧૯ નાં રોજ નોટીફીકેશન નં.જીજી/૬૫/ ૨૦૧૯/વીડીઆર/૧૦/૨૦૦૯/૨૦૬૧-ઈ-૧ મારફતે પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ નાં સંદર્ભે ૨૦ લીટરનો જથ્થો નકકી કરવામાં આવેલ છે અને સદર નોટીફીકેશન ગેઝેટમાં પબ્લીશ કરવા માટે પણ મોકલવામાં આવેલ છે.વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગગનદીપસિંગ મંગાસીંગ જાટ(શીખ) વિ. ગુજરાત રાજય (CRMA NO.8892/2018, dated 01/03/2018) તથા જયંતીભાઈ મકનભાઈ ડામોર વિ.ગુજરાત રાજય (CRMA NO.8892/2018, dated 05/05/2018 ) માં નવા સુધારેલ પ્રોહીબીશનના કાયદા મુજબનાં કેસો ચલાવવાની હકુમત જે.એમ.એફ.સી. કોર્ટને હોવાનું તારણ નોંધેલ છે.

(૩) ધી ગુજરાત પ્રોહીબીશન કાયદામાં કલમ ૬૫ એ.એ મુજબનો શીક્ષાપાત્ર ગુનામાં શિક્ષાની જોગવાઈ ધ્યાને લેતાં તેમાં ત્રણ વર્ષ સુધીની કેદ અને દંડની સજા કરવામાં આવેલ છે.સદર કેસના આરોપી હાજર થતા તેઓને ર્ચાજશીટ સાથેના પોલીસ પેપર્સ આપ્યા બાદ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ મુજબનાં

ગુનાનો ચાર્જ ફ્રેમ કરેલ છે તેમજ આરોપીની પ્લી નોંધતા તેઓ સ્વૈરછાએ ગુનો કબુલ કરવા માંગે છે અને આરોપી ગુનો કબુલાત કરવા માંગતા હોવાની કબુલાત પુરશીસ આપેલ છે અને તેઓ ગુનો સ્વેરછીક કબુલ કરેલ હોવાનુ જણાવે છે.કબુલાત પુરસીસ વંચાણે લેતા તેઓની મૌખીક રજુઆત ધ્યાને લેતા, તેમનો આ પ્રથમ ગુનો છે, તેઓ ગરીબ વર્ગના છે, તેમનું તથા કુંટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ. તેમની આર્થિક પરિસ્થિતી સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય. ટ્રાયલ ચાલતા દરમ્યાન તેમને વારંવાર આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને તેઓને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય.જે તમામ હકીકતોએ તેમનો પ્રથમ ગુનો હોય તેઓ તેમની ભૂલ સુધારવા માંગે છે અને કોર્ટની કાર્યવાહીમાં તેમનો, કોર્ટનો તેમજ નાણાંનો વ્યય થાય તેવા ઉદ્દેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારે છે.

(૪) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવે છે.

(૫) નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરિચંન્દ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહુ ચુકાદાનાં પાના નં- ૭૨૧ ઉપર પેરા- ૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોઈ તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્ર પણે માનુ છુ અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>-::હુકમ::-</u>**

(૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૧ મુજબ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબના ગુનાના કામે કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે તથા આરોપીને રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો ) પુરાનો દંડ ભરવાનો સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તે બદલ દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ નેશનલ લોક અદાલતના સ્પેશીયલ સીટીગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:-૧૨/૧૧/૨૦૨૨.
નેત્રંગ.

(તન્મય ગિરીશચંદ્ર શુકલ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
નેત્રંગ
**Code no.GJ01105**